# 'વળામણાં' લઘુનવલકથામાંની નારી

એકતા રાજેન્દ્રકુમાર શર્મા
પીએચ.ડી. વિદ્યાર્થી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત,પાટણ.

પન્નાલાલ પટેલ ગાંધીયુગના સમર્થ નવલકથાકાર છે. ગાંધીજીએ સાહિત્યમાં આદર્શવાદને સ્થાને વાસ્તવવાદ તથા વિશેષ કરીને જનપદને આપવાની હિમાયત કરી હતી. જેના ફલસ્વરૂપ વિશાલ ગ્રામ્ય સમાજ તેના વાસ્તવ જીવન સાથે સાહિત્યમાં પ્રગટ થવા લાગ્યો. ગુજરાતી સાહિત્યમાં જનપદને પૂર્ણ રીતે પ્રગટ કરનાર સર્જક એટલે પન્નાલાલ પટેલ. શ્રી પન્નાલાલ પટેલની નવલકથાઓ, નવલિકાઓ સહિતના સમગ્ર સાહિત્યમાં ગ્રામ્ય પરિવેશ ઝિલાયો છે. પન્નાલાલ પટેલની વિશેષતા ગ્રામ્ય જીવનની સદ્-અસદ્ વૃતિ-પ્રવૃત્તિને વાસ્તવિક પૃષ્ઠભૂમિ પર જીવંત કરી છે. પન્નાલાલ પટેલની કથા સૃષ્ટિની બીજી વિશેષતા એમના નારી પાત્રો છે.

પન્નાલાલની સાહિત્યમાં આવતી નારી આદર્શ ભારતીય નારીના મૂલ્યોને ચરિતાર્થ કરતી મહાન નારી નથી. અહીં તો સમાજના જટિલ રીત-રિવાજો તથા માનવ સહજ સદ્-અસદ્ વૃતિ સામે લડતી-પડતી, પોતે ઊભી થતી અને બીજાને ઊભા કરવામાં મદદ કરતી ગ્રામીણ ભારતીય નારી છે. પન્નાલાલ પટેલના નારી પાત્રો જેટલા સંવેદનશીલ છે, સ્ત્રી સહજ સ્વપ્નસૃષ્ટિ તેના નસીબમાં જ નથી. આ ગ્રામજીવનની નારી સતત અભાવો વચ્ચે જીવે છે. એને પોતાને ગમતી કોઈ નાની અમથી વસ્તુ હોય કે પ્રેમ હોય એને સંઘર્ષ વિના મળતું નથી. એટલે એ શહેરની સ્ત્રીઓની તુલનામાં ગ્રામીણ સ્ત્રી વધુ સંવેદનશીલ, સંઘર્ષશીલ અને સહનશીલ છે. આથી જ પન્નાલાલનાં નારી પાત્રો પુરુષની તુલનામાં વધુ સક્ષમ છે. 'માનવીની ભવાઈ 'ની રાજુ હોય કે 'મળેલા જીવ' ની જીવી હોય-એ વિકટ પરિસ્થિતિનો સામનો અડગ રહીને કરે છે. આ માટે સ્ત્રી નિયત કરાયેલ આદર્શના રાહને બદલે સ્વને અનુકુળ રાહને સ્વીકારી સ્વ તથા સ્વજનને ઉગારે છે. સ્વાભિમાન ધરાવતી, નિયત જીવનમૂલ્યોની પૂર્તિ માટે કટિબદ્ધ ભારતીય નારીની એક સુંદર છબી પન્નાલાલ પટેલની કથાસૃષ્ટિમાં પ્રગટે છે.

પન્નાલાલ પટેલની પ્રથમ નવલકથા 'વળામણાં' ઈ.સ.૧૯૪૦માં આવી છે. આ લઘુનવલકથા દ્વારા પન્નાલાલે ગુજરાતી સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન નક્કી કરી લીધું છે. 'વળામણાં'માં નાયિકા ઝમકુને સાસરે વળાવાની ઘટના મુખ્ય છે. પતિના ત્રાસથી પિયર પાછી આવેલી ઝમકુ ગામના તલાટી સાથે પ્રેમ થતાં તેની જોડે નાસી જાય છે. તલાટીના પરિવાર દ્વારા તરછોડતા પાછી ફરેલી ઝમકુના આગમનથી નવલકથા શરુ થાય છે. ઝમકુનો ભાઈ, ઝમકુના સાસરીવાળા તથા સમગ્ર ગામ લોકોથી બચાવવા તથા ઝમકુનો વેપાર કરી પૈસા કમાવાના હેતુસર ગામનાં મુખી મનોર પટેલ તેને સંતાડી દે છે. મનોર મુખી ઝમકુને અમદાવાદ લઈ જય છે. મનોરદા માટે એક બાજુ આર્થિક લાભ છે તો, બીજી બાજુ ઝમકુની દયનીય સ્થિતિ તથા તેનો નિર્મળ પ્રેમ પોતાની મૃત પુત્રી નાથીની અનુભૂતિ કરાવતાં મુખી તેને પાછી લઈ આવે છે. અંબા સુથારણના પુત્ર મોતી સાથે વળાવે છે. મુખીની પત્ની પણ ઝમકુને દીકરી માની છે. કથા અહીં પુરી થાય છે. આ લઘુ નવલકથામાંની ચાર ગ્રામીણ સ્ત્રીજીવનને અહીં રજૂ કરાયું છે.

આ કથામાં ઝમકુ સિવાયના બીજા સ્ત્રી પાત્રોમાં- મુખીની પત્ની, અંબા સુથારણ, ઝમકુની મા જમના તથા ઝમકુની ભાભી છે. ઝમકુની ભાભીનું પાત્ર ઝમકુની બાબતે સાસુ તથા પતિ સામે લડાઈ કરતી એક કર્કશા સ્ત્રીથી વિશેષ કંઈ નથી. ગ્રામીણ સમાજમાં આવી નારીઓની સંખ્યા ઘણી હોય છે. સતત અભાવોએ તેને આવી કર્કશા બનાવી દે છે.

નવલકથાના આરંભમાં મુખીના પત્નીનું પાત્ર આવે છે. લેખકે એમનાં નામ તથા બીજા બાહ્ય પરિચયમાં પડ્યા વિના કામને મહત્વ ગણ્યું છે. મુખીની પત્ની અત્યંત કર્કશા સ્ત્રી છે. બાહ્ય જગતમાં આગવું સ્થાન-માન ધરાવતાં મનોર મુખી પત્નીની નજરમાં નિર્માલ્ય છે. પિયર ગયેલી પુત્રવધુના ઘરેણાં ગીરવે મૂકનાર નિષ્ફળ રાજકારણી પતિ ઝમકુના વેપારમાં કંઈક કમાણી કરે એ માટે કકળાટ કરે છે. એનું મૂળ કારણ પુત્રવધુનો ડર છે. મનોર મુખી-અંબા સુથારણ સાથેના અનૈતિક સંબંધે પણ એને કર્કશા બનાવી દીધી છે. માંડ બે-ત્રણવાર આવતાં મુખી પત્નીનુ આલેખન સર્જકે એવી રીતે કર્યું છે કે આપણને મંથરા યાદ આવી જાય છે. આ જ મંથરા નવલકથાને અંતે વાત્સલ્યની મૂર્તિ બની જાય છે. એનું કારણ અંતે મુખી પત્નીને પોતાના મનની વાત કરે છે. આ ઉપરાંત ઝમકુમાં મુખીને પોતાની મૃત પુત્રી નાથીની અનુભૂતિ થતાં એને પાછી લાવ્યાં છે. મુખી ઝમકુને અંબા ડોશી પુત્ર મોતી સાથે પરણાવી દેવાની યોજના પર પાડે છે. રાજકારણી મનોરદાએ પત્ની,અંબા ડોશી. ઝમકુ તથા સમાજમાં વર્ચસ્વની સાથે મૃત દીકરીના પિતા તરીકે સફળ બને છે. પતિના આ સત્કાર્યમાં મુખી પત્ની સાચી અર્ધાગિની બની જય છે. ઝમકુની દીકરી માની તેના વળામણાં કરે છે. તેને આજીવન સાચવાની જવાબદારી સ્વીકારે છે. જીવનના અભાવો વચ્ચે ગ્રામીણ ભારતીય નારી સ્વ-મુલ્યોને ઓળખે છે. ગાંધીજી કહે છે તેમ –‘પતિને વ્રતનું પાલન કરાવે એ પતિવ્રતા.’ મુખીની પત્નીનું પાત્ર ભલે કર્કશા લાગે છતાં સાચી ભારતીય પત્ની છે. જેણે કર્કશતાને માર્ગે પતિને સાચો રાહ બતાવે છે.

નવલકથામાં મુખીની પત્ની બાદ અંબા ડોશીનું પાત્ર આવે છે. અંબા ડોશીના આંતર વ્યક્તિત્વને પરિચિત કરવા માટે સર્જક તેમનાં બાહ્ય વ્યક્તિત્વનો પરિચય આ રીતે આપે છે-

‘બહુ વિચિત્ર રીતે જમણાં પગનો પંજો પાછળ ભીંતે ટેકવ્યો હતો. અને બેઉ હાથની પાછળ અદબ વાળીને ભીતને અઢેલીને ઊભી હતી.’

લેખકે બે લીટીના આ બાહ્ય પરિચયમાં અંબા ડોશીના સ્વભાવની અક્કડતા તથા કોઈ અદબ-બંધનને પાછળ મૂકી દીધાનું ઈંગિત બતાવે છે. યુવાનીમાં અંબા સુથારણના જાજ્લ્યમાન વ્યક્તિત્વને ચાહનાર પુરુષ વર્ગ રહ્યો છે. અંબાનો પતિ સીધોસાદો સામાન્ય માણસ હશે.. અંબા- મનોર મુખી વચ્ચે પ્રેમ સંબંધ છે. અંબાના પુત્ર મોતીના પિતા મનોરદા છે. મુખી પદની સામાજિક પ્રતિષ્ઠાને લીધે મનોરદા અંબાથી દૂરતા રાખે છે. જો કે અંબા મનોરદાને મોતીની જવાબદારી માટે પ્રેરતી રહે છે. વાર્તાન્તે અંબા મનોર મુખીની મદદથી પુત્ર મોતીના લગ્ન ઝમકુ સાથે કરાવે છે. મનોર મુખીના જીવનમાં પ્રેમિકા, પત્ની અને પુત્રી પરિવર્તન લાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી-પુરુષના પ્રેમાનુભૂતિનો મહિમા કરે છે. એની સાથે સમાજના ગઠબંધન માટે નિયત બંધન જરૂરી છે. અંબા ડોશીનું પાત્ર પ્રેમ અને સામાજિક બંધન બંને વચ્ચે પિસાતું પાત્ર છે. પન્નાલાલ પાછળ અદબ વાળીને ઊભેલી અંબાના પ્રથમ પરિચયમાં સહજ રીતે તેનું ચારિત્ર પ્રગટ કર્યું છે.

આધુનિકતાએ આપણી મૂલ્ય પરંપરાને બદલી છે. આજે પ્રેમની સાત્વિક અને સામાજિક પરિભાષામાં સ્વાર્થવૃતિ વિશેષ છે. આજે પ્રેમમાં સ્વાર્થ, વિષય-વાસનાનું સ્વરૂપ બની જતાં સામાજિક સંબંધો પર તેની અસર પડે છે. ગ્રામસમાજમાં હજુ ભારતીય સંસ્કાર સચવાયા છે. અંબાએ પ્રેમ, પરિવાર તથા સામાજિક બંધન દરેકને જતન કરવાનો પ્રયાસ કરે છે.

મુખીની પત્ની કકળાટ દ્વારા પતિની ભૂલો દર્શાવે છે. પતિના સત્કાર્યમાં અર્ધાંગિની બને છે. શહેરીજીવનમાં ભારતીય નારીના આ બધાં સ્વરૂપ બદલાયેલાં છે.

આ પછીના સ્ત્રીઓમાં ઝમકુ અને તેની મા છે. પન્નાલાલ પટેલ ગ્રામ્ય જીવનને વાસ્તવરૂપમાં રજૂ કરે છે. આ મા-દીકરી ગ્રામીણ સમાજની નિર્બળ બનેલી સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે.દીકરીના દુઃખને મૂક બનીને જોતી ઝમકુની મા જમના છે. દીકરીને મદદ કરવા અસમર્થ જમના પુત્ર બહેચર કે મુખીને વિનંતી કરતી, અપમાન સહન કરતી, ક્યારેક પુત્ર પર ગુસ્સે થઈ જતી- સામાન્ય મા છે. એવી જ એમની પુત્રી છે. ઝમકુ એટલે બિચારી, બાપડી, લાચાર દીકરી. જે મનોરદાની ખરાબ ઈરાદાઓથી વાકેફ હોવા છતાં તેની મૂક છે. આ અસમર્થતાને લીધે જ એ તલાટીનું ઘર છોડે છે. એના જીવનની કરુણતા માટે એની નિર્બળતા કેન્દ્રબિંદુ બની છે. મનોરદામા પિતૃત્વ જાગૃતિ માટે ઝમકુની નિર્બળતાની સાથે તેનામાં મૃત પુત્રીની યાદ સવિશેષ કારણભૂત બને છે. ઝમકુ નિર્બળ હોવા છતાં એનામાં રહેલું નિર્મળ દીકરી સ્વરૂપ એને મદદરૂપ બને છે.

‘વળામણાં’ માં મુખ્ય ચાર ગ્રામ્ય નારી છે. બે સબળા છે તો બે અબળા છે. આ બંને પ્રકારની સ્ત્રીઓ આજે પણ ગ્રામજીવનમાં જોવા મળે છે. આવી નિર્બળ સ્ત્રીઓનો સ્થિતિ આજે પણ ઝમકુ જેવી જ છે. એને દર વખતે મનોરદા મળે જ છે, એવું નથી. ઘણી ઝમકુ વેચાઈ જાય છે. એની સામે અંબા જેવી સ્ત્રીઓમાંની સબળતા એનો જીવનપથ સરળ બનાવે છે. પન્નાલાલની કથાઓમાં આવતી મોટાભાગની સ્ત્રીઓ મુશ્કેલીઓનો સામનો કરતી નારી છે. આવી સ્ત્રીઓને જ સમાજ સ્વમાનભેર જીવવાનો અધિકાર આપે છે. બાકી જીવનની ખુશીઓ જાણે કોઈની ભીખ હોય એવો અહેસાસ થાય છે. ઝમકુ એનું દૃષ્ટાંત છે.

પન્નાલાલ પટેલની ‘વળામણાં’ માં ગ્રામીણ નારીને સબળા-નિર્બળા રૂપે રજૂ કરી છે. અહીં નિરૂપિત બે સબળાને લીધે જ કથાનો અંત સફળ રહ્યો છે.આ જ નારી જીવનની મહત્તા છે. જે પન્નાલાલ પટેલની ગ્રામ્ય સૃષ્ટિની નારીએ ખૂબ સરસ રીતે સમજાવી છે.